# “GAR 201 (આણંદ અક્ષત) જાતના સીધી વાવણી (DSR) હેઠળના નિદર્શન પ્લોટ પર ફિલ્ડ ડે-વ-ખેડુત તાલીમ કાર્યક્રમ”

---

મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ દ્વારા ડૉ.એમ.બી.પરમાર, સંશોધન વૈજ્ઞાનિક(ચોખા) અને ડૉ. ડી.જે.કાચા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો.)ની ઉપસ્થિતિમાં સીધી વાવણી (DSR) પદ્ધતિથી વાવેતર કરેલ ડાંગર GAR 201 (આણંદ અક્ષત)નાં નિદર્શન વાળા ખેડૂતનાં ખેતર પર ફિલ્ડ ડે-વ-ખેડુત તાલીમ કાર્યક્રમ” તા.૨૧.૧૧.૨૦૨૪ના રોજ ગામ: અસામલી તા. માતર, જી. ખેડા ખાતે યોજાયેલ હતો.

આ કાર્યક્રમમાં GAR 201 (આણંદ અક્ષત) જાતનું સીધી વાવણી (DSR) પધ્ધતિથી વાવેતર કરનાર પ્રગતિશીલ ખેડૂત શ્રી. સંજયભાઈ મકવાણા દ્વારા તેઓના DSR પદ્ધતિથી ડાંગરની વાવણી અંગેનો અનુભવ અને અભિપ્રાય વિષે ઉપસ્થિતિ તમામ ખેડૂત સાથે ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ ડૉ. ડી.જે.કાચા દ્વારા પિયત આધારિત ઓરાણ ડાંગર (DSR)ની ખેતી પધ્ધતિ વિષે ખૂબ જ ઊંડાણ પૂર્વક સમજણ આપી હતી અને ડૉ. એમ.બી.પરમાર, સંશોધન વૈજ્ઞાનિક(ચોખા) દ્વારા ડાંગરની નવી સુધારેલી જાત GAR 201 (આણંદ અક્ષત) વિષે તથા ડાંગરની ખેતીમાં ખેડૂતોના મૂંઝવતા પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં માતર તાલુકાના જુદા-જુદા ગામો માંથી ૪૦ જેટલા ખેડૂતો ઉપસ્થિત રહી ખુબ જ રસ પૂર્વક સીધી વાવણી પદ્ધતિ (DSR) વિષે પ્રશ્નોત્તરી દ્વારા માહિતી મેળવી હતી.






સંશોધન વૈજ્ઞાનિક (ચોખા)ઈ.ચા.